# ચિલોડા ખાતે બુટલેગરનાં ઘરે દરોડો પાડી પોલીસે દારુ-બિયર પકડ્યો

## ૯૨ નંગ વિદેશી દારુની બોટલ અને ૧૨ બિયરનાં ટીન સાથે એકની ધરપકડ

ગાંધીનગર,તા.૧૪

ગાંધીનગર શહેર નજીક મોટા ચિલોડા ખાતે પોતાના ઘરે જ વિદેશી દારુ બિયરનો વેપલો કરતા બુટલેગરને ત્યા ગઈ રાત્રે ચિલોડા પોલીસે દરોડો પાડ્યો હતો. વિદેશી દારુની નાની મોટી બોટલો તથા બિયરના જથ્થા સાથે બુટલેગરની ધરપકડ કરી લેવામાં આવી છે. ચિલોડા પોલીસને બાતમી મળી હતી કે મોટા ચિલોડા ખાતે રહેતા બુટલેગર અંબાલાલ જવાનજી ઠાકોર હજુ પોતાના ઘરે દારુ બિયરનો વેપલો કરે છે. જેને આધારે ગઈ રાત્રે તેના ઘરે બંગડી વાળા વાસમાં દરોડો પાડ્યો હતો. તેના ઘરેથી પોલીસને ૨૨ નંગ વિદેશી દારુની બોટલ, ૭૦ નંગ વિદેશી દારુની નાની બોટલ અને ૧૨ નંગ બિયરનાં ટીન મળીને કુલ રુ.૨૦,૫૦૦ નો જથ્થો મળી આવ્યો હતો. ચિલોડા પોલિસે જથ્થો જપ્ત કરીને બુટલેગર અંબાલાલની ઘરપકડ કરી લઈ દારુ ક્યાંથી લાવ્યો હતો તે સહિતની તપાસ શરુ કરવામાં આવી છે.





## પાલનપુર ખાતે ગણેશ વિસર્જન યાત્રા

પાલનપુર આબુ હાઈવે પર હનુમાન ટેકરી નજીક ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ગણેશની સ્થાપના કર્યા બાદ ચાર દિવસ સુધી રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આજ રોજ હનુમાન ટેકરીથી વિઘ્નહર્તાની વિસર્જન યાત્રા નીકાળવામાં આવી હતી. પાલનપુર શહેરના એરોમાં સર્કલ થઈ પાલનપુર શહેરના રાજમાર્ગો પર ગણપતિ બાપાની વાજતે ગાજતે તેમજ હાથી અને વિશેષ ઝાંખીઓ સાથે શહેરમાં નીકળેલી વિસર્જન યાત્રાનું ઠેર ઠેર અનેક સ્થળે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

# માડીના મંદિરે ૨૩ લાખ ભાવિકોએ દર્શન કર્યા

ભારદવી પૂનમ મેળાને લઈને શ્રદ્ધાળુઓમાં અભૂતપૂર્વ ધસારો જારી રહ્યો છે. ધારણા પ્રમાણે જ ભાદરવી પૂનમ મેળામાં આરાસૂરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અંબાજી ખાતે આયોજિત મેળાના ભાગરૂપે હજુ સુધી ૨૩૫૧૮૫૩ શ્રદ્ધાળુઓ દર્શન કરી ચુક્યા છે. જ્યારે પ્રસાદ વિતરણ પેકેટની સંખ્યા વધીને આજે બપોરના ગાળા સુધી ૧૩૫૮૧૧૮ સુધી પહોંચી ગઈ હતી. ભોજપન પ્રસાદ કરનાર યાત્રીઓની સંખ્યા વધીને હવે ૨૭૭૯૨૮ સુધી પહોંચી ગઈ છે. ભંડાર ભાદરવી પૂનમ અને પાંચ હજાર ભેટ કાઉન્ટરની આવક પણ રેકોર્ડ ગતિએ વધી રહી છે. ભાદરવી પૂનમના મેળા દરમિયાન કુલ આવકમાં આંકડો વધીને હવે ૩૨૪૪૫૧૬૬ સુધી પહોંચી ગયો છે. આ ગાળા દરમિયાન અવિરત શ્રદ્ધાળુઓનો પ્રવાહ જારી રહ્યો છે. કોઈપણ પ્રકારની અંધાધૂંધીને ટાળવા માટે સાવચેતીના તમામ પગલાં લેવાયા છે. અંબાજીમાં ભાદરવી પૂનમ મેળાને લઈને શ્રદ્ધાળુઓમાં અભૂતપૂર્વ ધસારો જોવા મળી રહ્યો છે. શરૂઆતના પાંચમા દિવસના ગાળામાં જ ૨૩ લાખથી વધુ શ્રદ્ધાળુઓ નોંધાઈ ચુક્યા છે. આ ઉપરાંત અંબાજી માતા મંદિરમાં વિવિધ બેંકો અને અન્યરીતે જોરદાર આવકનો પ્રવાહ પણ જારી છે. આજે પાંચમાં દિવસે બસમાં મુસાફરી કરેલા યાત્રીઓની સંખ્યા ૩૯૦૫૭૦ સુધી પહોંચી ગઈ હતી. આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા શાનદાર વ્યવસ્થા કરવામાં આવી છે. જેના કારણે શ્રદ્ધાળુઓ દ્વારા સરળતાથી દર્શન કરવામાં આવી રહ્યા છે. પ્રથમ દિવસથી જ યાત્રીઓને કોઈ તકલીફ ન પડે તે માટે ખાસ પગલા લેવાઈ રહ્યા છે. પ્રસાદ વિતરણને લઈને પણ કોઈ તકલીફ દેખાઈ રહી નથી. એસએમએસની સંખ્યા ૭૭૦૭૯૬ સુધી પહોંચી ગઈ છે. ઉડનખટોલાના યાત્રીઓની સંખ્યા ૩૬૮૩૩ થઈ ગઈ છે. ધજારોહણની સંખ્યા ઝડપથી વધીને પાંચ દિવસના ગાળામાં જ ૨૦૬૨ સુધી પહોંચી છે. અંબાજી તરફ દોરી જતા માર્ગો હાલ હાઉસફુલની સ્થિતિ જોવા મળી રહી છે. અંબાજીમાં હાલમાં ધાર્મિક માહોલની સ્થિતિ જોવા મળી રહી છે.



# ...ભર ભાદરવે ઉનાળા જેવી ગરમી

ગાંધીનગર, તા. ૧૪

હજુ ચોમાસાએ વિધિવત રીતે વિદાય નથી લીધી ત્યાં જ ગરમીએ ફરીથી પોતાનો પરચો બતાવવાનો પ્રારંભ કરી દીધો છે. વરસાદ અને વાદળોના અભાવે કાળઝાળ ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. મહત્તમ તાપમાન ૩૫ ડિ.સે. સુધી પહોંચતા વસાહતીઓ ગરમીથી ત્રસ્ત બન્યા હતા.

**વરસાદ અને વાદળોના અભાવે ભાદરવાનો તડકો ખુબ અકળાવી રહ્યો છે : મહત્તમ તાપમાન ૩૫.૦ ડિ.સે. અને લઘુત્તમ ૨૭.૫ ડિ.સે.**

છેલ્લા પંદર દિવસથી વરસાદ સાવ ગાયબ થઈ ગયો છે. હવે તો આકાશમાં વાદળો પણ દેખાતા નથી. વરસાદ અને વાદળોના અભાવે ઉનાળા જેવી આકરી ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. છેલ્લા કેટલાક દિવસોથી એટલી બધી ગરમી પડી રહી છે કે એવુ જ લાગે છે કે જાણે ઉનાળો પુનઃ આવી ગયો હોય. બપોરે ઘરની બહાર નીકળો તો તડકો રીતસર વાગે એટલો ધારદાર પડી રહ્યો છે. માથે ટોપી કે રૂમાલ પહેરવો પડે તેવો આકરો તડકો લાગે છે. વસાહતીઓ ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. વરસાદના અભાવે લઘુત્તમ તાપમાન પણ ૨૫ ડિ.સે. જેટલુ નોંધાતા રાત્રે પણ ફુલ સ્પીડે પંખા ચલાવવા પડે છે. આગામી દિવસોમાં હજુ કાળઝાળ ગરમી પડશે તેવી આગાહી વ્યક્ત કરવામાં આવી છે.

# ભાદરવી પૂનમે તુલસી વિતરણનો કાર્યક્રમ

## દિકરી તુલસીનો કયારો વિચાર અંતર્ગત કોર્પોરેટર પાયલબેન મેણાત દ્વારા તુલસીના છોડનું વિતરણ કરી બેટી બચાવોનો સંદેશ અપાશે

ગાંધીનગરના વોર્ડ નં. ૮ના સેકટર-૩-એ ન્યુ ખાતે અને સે-૪ના ઓમકારેશ્વર મંદિર ખાતે કોર્પોરેટર પાયલબેન મેણાત દ્વારા ભાદરવી પૂનમે વિના મૂલ્યે તુલસીના છોડનું વિતરણ કરવામાં આવનાર છે. દિકરી તુલસીનો કયારો એ વિચાર અંતર્ગત આ તુલસી વિતરણ તા. ૧૬મી સપ્ટેમ્બરે સવારે ૯.30 કલાકે પ્રારંભ કરાશે.

જેમ તુલસીનો કયારો ઘર આંગણે લક્ષ્મી સ્વરૂપ ગણાય છે તેમ જ દિકરી પણ ઘરની લક્ષ્મી છે. દિકરીનું મહત્વ સમાજમાં વધે જેથી ભ્રૂણ હત્યા અટકે અને બેટી બચાવો, બેટી વધાવો વિચારને વેગ મળે તે હેતુથી વોર્ડ નં. ૮ના નગરસેવિકા પાયલબેન મેણાત દ્વારા તુલસીના છોડનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવશે. આગામી ભાદરવી પૂનમે આ કાર્યક્રમ સે-૩-એ ન્યુ આરટીઓ રોડ પર અને સે-૪માં ઓમકારેશ્વર મંદિરે યોજાશે. આ કાર્યક્રમ હેઠળ તમામ જરૂરિયાતમંદ નગરજનોને તુલસીના છોડનું વિના મૂલ્યે વિતરણ કરાશે તો તેનો લાભ લેવા તમામ નગરવાસીઓને કોર્પોરેટર પાયલબેન મેણાતે અનુરોધ કર્યો છે.

# અનંત ચતુર્દશીના છેલ્લા દિવસે ક્ષમાપના

ગાંધીનગર, તા. ૧૪

શ્રી ૧૦૦૮ પાશ્વનાથ દિગમ્બર જૈન ચૈત્યાલયમાં દિનાંક ૬-૯-૨૦૧૬થી પર્વાધિરાજ પર્યુષણ પર્વમાં ઉત્તમ ક્ષમા, માર્દવ, આર્જવ, શૌચ, સત્ય, સંયમ, તપ, ત્યાગ, આકિંચ્ય અને બ્રહ્મચર્યવ્રતની આરાધના શરૂ થઈ છે. ઉત્તમ આકિંચ્ય એટલે અપરિગ્રહની સાધના, ખપ પુરતુ વાપરવાનું જ સંકલ્પ, દિવસે દિવસે પોતાની હાજતો ન્યૂનતમ કરતા જવાની દાનતનો આચાર, ભૌતિકતાવાદી વસ્તુઓમાં આશક્તિ ઘટાડવી, આપણા પાસે આપણી જરૂરિયાત કરતાં જે વધારાનો હોય તે ઉદારતા સાથે નમ્રતાપૂર્વક જરૂરતમંદો માટે



સમર્પિત કરવાની ભાવના આ આકિંચ્ય ધર્મની સાધના થકી વિકસે છે. આ પર્યુષણ પર્વ દર્માન શ્રાવકોએ પોતાની શ્રદ્ધા શક્તિ મુજબ એકાશન, ઉનોદરી અને ઉપવાસોની તપસ્યા કરેલી છે તથા આંતરિક તપ તરીકે ક્રોધ, માન, માયા, લોભ વગેરે ૪ કષાયોના શમનનું અભ્યાસ પણ કરેલું જેથી પરસ્પર પ્રેમ પ્રકટી શકે. પર્યુષણ પર્વમાં સવારથી રાત્રિ સુધી પ્રભુ ભક્તિનો અદ્ભુત શાંતિ અને ઉલ્લાસનો વાતાવરણ દિગમ્બર જૈન સમાજમાં જામ્યો છે. દશલક્ષણા ધર્મોનું સામાજિક ધાર્મિક મહત્વ સાથે સામાજિક સરોકાર પણ ખૂબ જ રહેલો છે. એ લોકોને જીવનમાં અહિંસક વર્તનની પ્રેરણા આપે છે, વ્યક્તિઓ વચ્ચે મૈત્રી અને કરૂણા ભાવ પ્રકટાવે છે, અન્તરમનને નિર્મળ બનાવી ભાવ વિશુદ્ધિનો મારગ ચીંધે છે.

આજે ઉત્તમ તપ ધર્મ સાધનાનો આઠમો દિવસ છે. અંતરગ અને બાહ્ય તપોની સાધના શ્રાવકને નિજ અને પરના કલ્યાણ માટે સજજ બનાવે છે. આજના બાળકોમાં એવા નૈતિક-ધાર્મિક સંસ્કારોનું સિંચન કરવા માટે દેરાસરમાં અભિષેક-પૂજન, શાસ્ત્ર વાચન, આરતી તથા જિનવર ભક્તિ સિવાય રસપ્રદ અને શિક્ષાપ્રદ પ્રેરણાસ્પદ સ્પર્ધાઓ રાખવામાં આવે છે જેથી એ લોકો પોતાની ભાવી ભૂમિકા માટે, પોતાના તથા સમાજ અને રાષ્ટ્રના વિકાસ માટે પોતાની જાતને તૈયાર કરી સત્ય, અહિંસા, અપરિગ્રહના વાતાવરણનો સર્જન સમાજમાં કરી શકે અને સમાજને હિંસા, અસત્ય, ચોરી, કુશીલ તથા પરિગ્રહ આદિ પાંચ પાપમય પ્રવૃત્તિઓથી દૂર કરી પ્રભુ શ્રી મહાવીર સ્વામીજીની પરસ્પરોપગ્રહો જીવાનામની ઉક્તિને ચરિતાર્થ કરી શકે. ૧૫મી તારીખ એટલે દિગમ્બર જૈન સમુદાયની સંવતસરી અને ક્ષમાપનાનો દિવસ જે સામૂહિક રીતે ઉજવવાનો છે.

**કંપની સમાચાર**

# પાનાસોનિકનું બહેતર દુનિયા માટે શિક્ષણ ક્ષેત્રે પ્રદાન

ભવિષ્યના નેતૃત્વ માટે માર્ગ સરળ કરવાના ઉદ્દેશથી પાનાસોનિક ઈન્ડિયાએ આજે તેની રતી છત્ર સ્કોલરશિપની બીજી બેંચનો પ્રારંભ કર્યો છે, જે ઈન્ડીયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ની વિવિધ શાખાઓના ૩૦ વિદ્યાર્થીઓનુ મુખ્ય મહેમાન ભારત સરકારના નીતિ આયોગના સીઈઓ શ્રી અમિતાભ કાંત અને આઈઆઈટી દિલ્હીના ડે. ડિરેકટર (સ્ટ્રેટેજી એન્ડ પ્લાનીંગ) શ્રી એમ. બાલકૃષ્ણનના હસ્તે મવી દિલ્હીમાં હોટલ લા મેરિડીયન ખાતે સન્માન કરવામાં આવ્યું હતું. એક સામાજીક જવાબદારી ધરાવતી કંપની તરીકે પાનાસોનિકનું મિશન દેશના ઓછી આવક ધરાવતા પરિવારોમાંથી આવતા વિદ્યાર્થીઓને સમાન તકો ઉપલબ્ધ થાય તે માટે ૨૦૦૯થી આ પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી છે. ભારતમાં આ કાર્યક્રમ શરૂ કરાયો ત્યારથી માસ્ટર્સ પ્રોગ્રામ માટે ૯ વિદ્યાર્થી પસંદ કરીને દાખલ કરવામાં આવ્યા છે. ૨૦૧૫ પછી પાનાસોનિકે ભારત ભરના અન્ડરગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓને પસંદ કરીને સ્કોલરશિપ ઓફર કરવાની શરૂ કરી હતી. આ સ્કોલરશિપમાં પોતાના ક્ષેત્રમાં ઉજળી કામગીરી કરી શકે તેવા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનો સમુહ પસંદ કરવામાં આવે છે. પાનાસોનિક ઓછી આવક ધરાવતા પરિવારોના આ વિદ્યાર્થીઓને નાણાંકિય સહાય આપે છે, જેથી આ વિદ્યાર્થીઓને ઉજ્જવળ દેખાવ કરવામાં નાણાંની તંગી નડે નહી. ભારત સરકારના નીતિ આયોગના સીઈઓ શ્રી અમિતાભ કાંતે જણાવ્યું હતું કે ‘‘પાનાસોનિક દેશની તેજસ્વી પ્રતિભાઓને પસંદ કરીને શિક્ષણ માટે સાધનો પૂરાં પાડીને મહત્વાકાંક્ષી ધ્યેય પાર પાડવામાં સહાયક બને તે વી પ્રવૃત્તિ ચાલુ રાખી રહી છે તે પ્રશંસાપાત્ર બાબત છે.

## ફુગાવો વધી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમની નાણાંકીય નીતિ સમીક્ષામાં કોઈ પગલા લઈ શકે છે કે કેમ તેને લઈને હવે ચર્ચા શરૂ થઈ છે. ડબલ્યુપીઆઈ ફુડ ફુગાવો આ મહિનામાં ઘટીને ૮.૨૩ ટકા થયો છે જે જુલાઈ મહિનામાં ૧૧.૮૨ ટકા હતો. આવી જ રીતે આ ગાળામાં સીપીઆઈ આધારિત ખાદ્યાન્ન ફુગાવો ૮.૩૫ ટકાથી ઘટીને ૫.૯૧ ટકા થયો છે. બીજી બાજુ ડબલ્યુપીઆઈની દ્રષ્ટિએ કઠોળમાં ફુગાવાની વાત કરવામાં આવે તો તેમાં પણ ઉતારચઢાવની સ્થિતિ રહી છે. જુલાઈ મહિનામાં ૩૫.૭૬ ટકાની સામે કઠોળમાં ફુગાવાનો આંકડો ઓગસ્ટ મહિનામાં ૩૪.૫૫ ટકા નોંધાયો છે.

## ગોલ્ડ મેડલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દેવેન્દ્રએ ૨૦૦૪માં એથેન્સ ખાતે પેરા ઓલિમ્પિકમાં ૬૨.૧૫ મીટરનો વર્લ્ડ રેકોર્ડ સ્થાયો હતો જેને આજે તેમણે પોતે ૬૩.૯૭ મીટર સાથે તોડીને નવો વિશ્વ વિક્રમ બનાવ્યો છે. દેવેન્દ્રના ગોલ્ડ મેડલ જીતવા સાથે જ દેશભરના રમત જગતમાં આનંદનું મોજું ફરી વળ્યું છે. અને ચારે તરફથી તેમના પર અભિનંદનની વર્ષા થઈ રહી છે. ગાંધીનગર સાઈ સંકુલમાં પણ દેવેન્દ્રની સિધ્ધિના કારણે ખુશીનો માહોલ છવાયો છે.

## મતદારો વધ્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. ગાંધીનગર (દ)માં ૨૨,૩૬૭ પુરૂષ અને ૨૧,૧૩૬ મહિલા મતદારો વધ્યા છે તો ગાંધીનગર (ઉ)માં ૯૫૮૮ પુરૂષ અને ૯૩૯૪ મહિલા મતદારો માણસામાં ૭૫૧૪ પુરૂષ અને ૫૪૯૭ મહિલા મતદારો તો કલોલમાં ૧૪,૩૭૩ પુરૂષ અને ૧૩,૩૭૮ મહિલા મતદારો વધ્યા છે.

મતદારયાદીના વિશ્લેષકોના મત પ્રમાણે ૨૦૧૨ની તુલનામાં ગાંધીનગર જિલ્લામાં ૧૨.૧૧ ટકા મતદારો છેલ્લા પાંચ વર્ષમાં વધ્યા છે. જેમાં ૧૨.૨૫ ટકા પુરૂષ મતદારો અને ૧૧.૯૭ ટકા મહિલા મતદારો વધ્યા છે.

પુરૂષ મતદારોમાં સૌથી વધુ વૃદ્ધિ ગાંધીનગર (દ)માં જોવા મળી છે જે ૧૭.૯૦ ટકા વધારો દર્શાવે છે. જ્યારે સૌથી ઓછો વધારો ૭.૫૮ ટકા પુરૂષ મતદારો માણસામાં જોવા મળ્યા છે. કલોલમાં ૧૪.૭૮ ટકા, દહેગામમાં ૧૦.૫૪ ટકા અને ગાંધીનગર (ઉ)માં ૯.૦૬ ટકા મતદારો વધ્યા છે.

મહિલા મતદારોમાં પણ ગાંધીનગર (દ)માં ૧૮.૧૦ ટકા, કલોલમાં ૧૪.૭૮ ટકા વધારો નોંધાયો છે. જ્યારે અન્ય ત્રણ વિધાનસભા મતવિસ્તારમાં ૧૦ ટકાથી પણ ઓછો મહિલા મતદારોનો વધારો નોંધાયો છે. જેમાં દહેગામમાં ૯.૯૦, ગાંધીનગર (ઉ)માં ૯.૬૦ ટકા અને માણસામાં માત્ર ૫.૮૯ ટકા વધારો જોવા મળ્યો છે.

આ બન્ને ટકાવારી સાથે જોઈએ તો દહેગામમાં ૧૦.૨૪ ટકા, ગાંધીનગર (દ)માં ૧૭.૯૯ ટકા, ગાંધીનગર (ઉ)માં ૯.૩૨ ટકા, માણસામાં ૬.૭૬ ટકા અને કલોલમાં ૧૪.૮૨ ટકા મતદારો વધારે નોંધાયા છે. આ ટકાવારી ૨૦૧૨ના નોંધોયેલા મતદારોના સાપેક્ષમાં છે.

જિલ્લામાં આજથી મતદારયાદી સુધારણાનો અતિ મહત્વનો તબક્કો શરૂ થઈ રહ્યો છે અને આ માટે એકાદ-બે દિવસમાં રાજકીય પક્ષો સાથે પણ આ બાબતે બેઠકમાં યોજવામાં આવશે. આ ઝુંબેશ માટે પંચ દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.

## ચ-માર્ગ ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દરખાસ્ત કરવામાં આવી છે. અગાઉ ઘ માર્ગનુ કામ પુર્ણ કરી દેવાયુ હતુ. જયારે હાલ ખ માર્ગને સિકસલેન બનાવાનુ કામ ચાલી રહયુ છે. જયારે ચ માર્ગના નવિનીકરણ માટે પણ તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરી દેવામાં આવી છે. ચ-૦ થી ચ-૭ના રસ્તાને ચકાચક બનાવવા તંત્ર દ્વારા રૂ ૩.૫૦ કરોડના ખર્ચના અંદાજ સાથે વિભાગને દરખાસ્ત સુપ્રત કરવામાં આવી છે. આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી ટુંકમાં આ દરખાસ્તને મંજુરી આપી દેવાશે જયારે ચ માર્ગનુ કામ પણ શરૂ કરી દેવાશે. આ ઉપરાંત રોડ નેટવર્કના બ્યુટીફિકેશન માટે પણ તંત્ર દ્વારા દરખાસ્ત કરવામાં આવી છે. ગત વાઈબ્રન્ટ સમિટ વેળાએ પણ શહેરના રોડનેટવર્કને શણગારવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. વધુમાં સેકટરોના આંતરિક માર્ગો પણ ઉબડ ખાબડ બન્યા છે. જયારે નવા સેકટરોના રસ્તાઓની સુધારણાનુ કામ ઝડપભેર હાથ ધરવા પ્રબળ માંગ ઉઠવા પામી છે. સેકટરોના આંતરિક માર્ગોની સુધારણાની દરખાસ્ત પણ વિભાગકક્ષાએ લાંબા સમયથી પેન્ડીંગ છે.

## વેધર સ્ટેશનો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવાનું આયોજન છે તેમ પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર જિલ્લામાં જે ૨૨ વેધર સ્ટેશનો સ્થાપવામાં આવનાર છે તેમાં કલોલ તાલુકામાં ૬, માણસામાં ૩, ગાંધીનગરમાં ૮ અને દહેગામ તાલુકામાં ૫નો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે હાલ જિલ્લામાં ચાર મામલતદાર કચેરીઓમાં તેમજ એક જિલ્લા કક્ષાએ આવુ વેધર સ્ટેશન કાર્યરત છે. આ નવા ૨૨ વેધર સ્ટેશન બનતાં હવે જિલ્લામાં ૨૬ વેધર સ્ટેશનો કાર્યરત થશે.

જિલ્લામાં સતત બદલાતા રહેતા હવામાનને લઈ હવે બધી જ વિગતો હવામાન અંગેની ઉપલબ્ધ બનશે. પાક વીમામાં ખંડીય વૃષ્ટિ થઈ હોય તો ક્યાંક પાક સારો થાય અને ક્યાંક નુકશાન થતુ જોવા મળે છે. જેને પગલે ખેડૂતોને પાકનું વળતર મળતુ ન હતુ.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ વેધર સ્ટેશનોની ઉપલબ્ધિને કારણે કયા વિસ્તારમાં કેટલી આનાવારી પાક થયો તેની વિગતો સરળતાથી ઉપલબ્ધ થઈ શકશે.

પાક વીમામાં આનાવારી ઉપરાંત સ્થાનિક હવામાનની નોંધ પણ ઉપલબ્ધ બનતાં ખેડૂતોને વીમાની રકમ મેળવવામાં કોઈ અવરોધ ઉભો થશે નહિ તેમ કૃષિ વિભાગના સૂત્રો માની રહ્યા છે.

## કપિલ શર્મા

● અનુસંધાન પહેલાનું ચાલુ

બોલાવવામાં આવી શકે છે. મંગળવારના દિવસે એફઆઈઆર દાખલ કરવામાં આવ્યા બાદ કપિલ સામે સકંજો મજબુત કરવામાં આવી રહ્યો છે. કપિલ સામે છ કેસો દાખલ કરવામાં આવી ચુક્યા છે. એક બે દિવસમાં તેની સામે નોટીસ જારી કરવામાં આવનાર છે. નામ જાહેર નહી કરવાની શરતે તપાસ અધિકારીએ આ મુજબની વાત કરવામાં આવી છે. સુપ્રિમ કોર્ટના નિયમ મુજબ પ્રાથમિક નોટીસ મોકલ્યા બાદ તપાસ માટે કપિલને બોલાવવામાં આવી શકે છે. કોઈની સીધી રીતે ધરપકડ કરી શકાય નહી. તપાસ બાદ જે પુરાવા હજુ સુધી મળ્યા છે તે મુજબ મામલામાં તપાસ માટે કપિલને બોલાવવામાં આવનાર છે. કોમેડિયન કપિલ શર્માએ બીએમસી સામે આક્ષેપ કર્યા બાદ હવે કપિલ શર્મા વધારે મુશ્કેલીમાં મુકાઈ ગયો છે. બીએમસી દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે કપિલ શર્માએ કાયદાઓ સાથે ભારે ચેડાં કરેલા છે. માત્ર તેની વરસોવા ઓફિસની ઈમારતમાં જ નહીં બલ્કે ઉપનગરીય ગોરેગાંવમાં પણ પોતાના એપાર્ટમેન્ટમાં નિયમો સાથે ચેડાં કરેલા છે. નામ જાહેર નહીં કરવાની શરતે બીએમસીના એક અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે અમને કપિલ શર્માના બંને સ્થળો પર કરવામાં આવેલા ગેરકાયદે બાંધકામને લઈને અલગ અલગ લોકો પાસેથી બે ફરિયાદો મળી હતી. વરસોવાના કેસમાં કોર્પોરેશને ૧૬મી જુલાઈના દિવસે કપિલને નોટિસ આપી હતી. કપિલે નોટિસ તરફ ધ્યાન આપ્યું નથી. જેથી ચોથી ઓગસ્ટના દિવસે તેની ઓફિસના માળખાના ગેરકાયદે બાંધકામને તોડી પાડવામાં આવ્યું હતું.

**ટચૂકડી જાહેર ખબર**

**નામ બદલેલ છે**

મારું જુનું નામ શનિ મકવાણા હતું તે બદલીને વ્યોમ સિદ્ધપુરા રાખેલ છે.

સરનામું : પ્લોટ નં. ૩૯૮/૧, સેક્ટર-૨/બી, ગાંધીનગર.
મો. ૭૫૭૪૮૧૯૬૯૩




શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET



D'DECOR Live beautiful
DC TEX FURNISHINGS
HOMES
COPPER
Kurl-on PU FOAM
SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8, SIDDHRAJ ZORI, SARGAASAN - G'NAGAR
09414119651, 09829719885, 09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
A-174, ELECTRONOICS ESTATE, G.I.D.C., SECTOR 26, G'NAGAR
09462597151, 09414119651